POSHAN Abhiyaan
PM's Overarching Scheme for Holistic Nourishment
સહી પોષણ - દેશ રોશન

૪૩૨૯૯/૪૩૫૯૦

ક્રમાંક નં: પોષણ અભિયાન/પોષણ માસ ઉજવણી/૨૦૧૮/
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી
બ્લોક નં ૨૦/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર, તા.૫/૯/૨૦૧૮

પ્રતિ,

(૧) જિલ્લા કલેક્ટરશ્રી, તમામ

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત, જિલ્લા તમામ

(૩) મ્યુનસિપલ કમિશ્નરશ્રી,
મ્યુનસિપલ કોર્પોરેશન,
જિલ્લા-અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર, સુરત, જામનગર

(૪) રીજનલ મ્યુનસિપલ કમિશ્નરશ્રી,
મ્યુનસિપલ કોર્પોરેશન,
જિલ્લા-અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર, સુરત, જામનગર

**વિષય: સપ્ટેમ્બર ૨૦૧૮ પોષણ માસ ઉજવણી બાબત**

માન. પ્રધાન મંત્રીશ્રી દ્વારા ૮ માર્ચ ૨૦૧૮ના રોજ ઝુનઝુના, રાજસ્થાન ખાતેથી POSHAN Abhiyan (National Nutrition Mission)નો શુભારંભ કરવામાં આવેલ છે. માન. વાઇસ ચેરમેનશ્રી, નિતી આયોગની અધ્યક્ષતામાં તા.૨૪.૦૭.૨૦૧૮ ના રોજ યોજાયેલ નેશનલ કાઉન્સીલની મીટીંગમાં લેવાયેલ નિર્ણય અન્વયે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં પોષણ અભિયાન હેઠળ જન આંદોલન સ્વરૂપે પોષણ માસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાકક્ષાના તમામ વિભાગોના સંયુક્ત પ્રાયાસ તથા સક્રિય સહયોગ અને ભાગીદારીથી ગ્રામ્ય સ્તરે પોષણ અને આરોગ્ય અંગે સંદેશા "હર ઘર પોષણ ત્યોહાર" જનઆંદોલનથી પહોચે તે સુનિત કરવાનું રહે છે.

આ સંદર્ભમાં તા.૨૪/૮/૨૦૧૮ના રોજ માન મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ મિટીંગમાં જિલ્લાના તમામ સંબધિત વિભાગો સાથે સંકલનમાં પોષણ માસની ઉજવણી અંગે ભાર આપવામાં આવેલ છે. જે અન્વયે તા.૨૮/૮/૨૦૧૮ના રોજ રાજ્યકક્ષાનો વર્કશોપ વિડીયો કોન્ફરન્સ મારફત યોજાયેલ.

ઉપરોક્ત મિટીંગમાં સંયુક્ત ચર્ચા મુજબ વિવિધ વિભાગ જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીના માધ્યમથી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા PHC/CHC/ASHA/ANMના માધ્યમથી, શિક્ષણ વિભાગ દ્વારા શાળાના માધ્યમથી, પંચાયતી રાજ દ્વારા ગ્રામ પંચાયતોના માધ્યમથી, આદિજાતી વિસ્તારોમાં પ્રયોજના વહિવટદાર દ્વારા, ગ્રામ વિકાસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વસહાય જુથ/સખી મંડળના માધ્યમથી પોષણ માસ દરમિયાન પોષણ અને આરોગ્યલક્ષી પ્રવૃતિઓ અને સંદેશાઓનો પ્રચાર-પ્રસાર કરવાની કામગીરી સંયુક્ત રીતે વિભાગીય સંકલન અને સહયોગથી કરવાની રહેશે.

ભારત સરકારની સુચનાથી દરેક વિભાગ દ્વારા તમામ જિલ્લામાં દરેક સ્તરે સપ્તાહમાં ઓછામાં ઓછી 2 પ્રવૃતિ કરવાની થાય છે. તમામ જિલ્લાઓ દ્વારા તેઓના જિલ્લામાં આયોજીત પ્રવૃતિઓનું Activity Calendar 31 ઓગષ્ટ 2018 સુધીમાં મોકલવાનું રહેશે. પોષણ માસ દરમિયાન કરેલ પ્રવૃતિઓની માહિતી તથા ફોટોગ્રાફ જનઆંદોલનના ડેશ બોર્ડ ઉપર અપલોડ કરી દૈનિક અપડેટ કરવાનું રહેશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ, પોષણ માસ ઉજવણી અંતર્ગત સંબધિત લાઇન ડિમાર્ટમેન્ટના જિલ્લા, ઘટક અને ગ્રામ કક્ષાના અધીકારીશ્રીઓના સંકલન અને સહયોગથી દરેક સપ્તાહમાં સુચિત થીમ આધારીત પ્રવૃતિઓને જનઆંદોલન રૂપમાં યોજાય તે માટે ખાસ ધ્યાન આપવાનું રહેશે. આમ પોષણ માસની ઉજવણીને આપના નેતૃત્વ હેઠળ વધુ વેગ મળે તે માટે આપનો સહકાર આપવા વિનંતી છે.

| સચિવ<br>મહિલા અને બાળ વિકાસ<br>ગાંધીનગર | સચિવ<br>પ્રાથમિક અને માધ્યમિક<br>શિક્ષણ<br>ગાંધીનગર | સચિવ<br>આદિજાતી વિકાસ વિભાગ<br>ગાંધીનગર | કમિશ્નર-વ-સચિવ<br>ગ્રામ વિકાસ વિભાગ<br>ગાંધીનગર |
|---|---|---|---|
| કમિશ્નર-વ-અગ્ર સચિવ<br>આરોગ્ય અને પરીવાર<br>કલ્યાણ વિભાગ<br>ગાંધીનગર | અગ્ર સચિવ<br>પંચાયત વિભાગ<br>ગાંધીનગર | અગ્ર સચિવ<br>શહેરી વિકાસ વિભાગ | |

બિડાણ: સુચિત પ્રવૃતિ અને ભારત સરકારના પત્ર તથા પ્રેઝન્ટેશન

<u>નકલ રવાના:</u>

૧. કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી ઓફ મ્યુનસિપાલ્ટીઝ, શહેરી વિકાસ વિભાગ, ગાંધીનગર

૨. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા તમામ

૩. પ્રાયોજના વહિવટ અધીકારીશ્રી, આદિજાતી વિકાસ વિભાગ, જિલ્લા તમામ

૪. ડેપ્યુટી કલેકટરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના કચેરી, જિલ્લા તમામ

૫. CDHO, આરોગ્ય અને પરીવાર કલ્યાણ, જિલ્લા તમામ

૬. જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા તમામ

૭. પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઇસીડીએસ, જિલ્લા તમામ

૮. ચીફ ઓફિસરશ્રી, નગર પાલીકા, જિલ્લા તમામ

ક્રમાંક /મા.વિ.૩/ ૫૧૪૨૦-૫૧૯૯૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૧-૦૯-૨૦૧૫

૦૨/- નકલ રવાના ભણ તથા અમલ સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી / બિનસરકારી / નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ